GJGS030001162026

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૨૬/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૬/૦૨/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૫

## ગીર સોમનાથ જિલ્લાના મ્હે.એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ મુ.ઉના, જી. ગીર સોમનાથ.

## ફોજદારી રીવીઝન અરજી નં. ૦૫/૨૦૨૬

---

**અરજદારઃ–** બારીયા મોહનભાઇ રામજીભાઇ,
ઉં.વ.આ.૫૦, ધંધોઃ મચ્છીમારી,
રહેવાસીઃ– વણાકબારા, તા.જી.દીવ.

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ–** શ્રી સરકાર

---

- અરજદાર તરફે વિ.વકીલશ્રી ડી.બી.વાજા
- સામાવાળા તરફે વિ. ડી.જી.પી.શ્રી કે.ડી.વાળા

---

**–।। આંક–૧ લગત હુકમ ।।–**

**૧.** અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા અધીનીયમ ૨૦૨૩ ની કલમ–૪૩૮ અન્વયે વિ.એડીશ્નલ ચીફ જયુડી. મેજી.શ્રી, ઉના નાઓએ અરજદારની મુદામાલ પરત મેળવવા કરેલ અરજી તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ હોય તે હુકમથી નારાજ થઇ હાલની અરજી કરેલ છે.

૨. સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે.

૩. અરજદાર તરફે વિ.વકીલ શ્રી ડી.બી.વાજાને તથા સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી કે.ડી.વાળાને સાંભળ્યા.

૪. સદરહું રીવીઝન અરજીના નિર્ણય સબબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર અત્રેની અદાલતને સંતોષકારક રીતે બતાવી શકેલ છે કે, નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૧૮૬૦૦૩૨૫૦૯૫૪/૨૦૨૫ ના કામે ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૯૯ ના ગુનામાં તપાસ કરનાર અધીકારીએ કબ્જે લીધેલ અજરેમી સાગર નામની બોટ જેના રજી.નં.IND-DD-02-MM-763 તથા એન્જીન નંબર EF-60-75322314 વાળી પરત મેળવવા કરેલ અરજી વિ.એડીશ્નલ ચીફ જયુડી.મેજી.શ્રી, ઉના નાઓએ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ હોય તે હુકમ ગેરકાયદેસર અને રદ્દ થવાને પાત્ર છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

૨. શું હુકમ ?

૫. ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૬. **<u>મુદ્દા નં. ૧:–</u>**

(૧) પક્ષકારો ની રજુઆત તથા રજુ થયેલ વાદગ્રસ્ત હુકમ તેમજ દસ્તાવેજી આધારો ધ્યાને લીધા. પ્રસ્તુત કામે વાદગ્રસ્ત હુકમ જોવામાં આવે તો

જણાય છે કે, નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૧૮૬૦૦૩૨૫૦૯૫૪/૨૦૨૫ ના કામે ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૯૯ મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનાના કામે તપાસ કરનાર અધીકારીએ આરોપીઓ પાસેથી અજરેમી સાગર નામની બોટ જેના રજી.નં.IND-DD-02-MM-763 તથા એન્જીન નંબર EF-60-75322314 વાળી કબ્જે લીધેલ જેથી સદરહુ બોટના માલીકે એટલે કે હાલના અરજદારે વિ.એડીશ્નલ ચીફ જયુડી.મેજી.શ્રી, ઉના સમક્ષ મુદામાલ વાહન પરત મેળવવા તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ અરજી કરેલ જે અરજીમાં કરેલ હુકમ મુજબ વિ.અદાલતે તપાસ કરનાર અધીકારીનો અભીપ્રાય, પંચનામુ તથા મુદામાલ વાહનની માલીકીની ખરાઇ કરી તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ અરજી નામંજુર કરેલ છે જેના તારણમાં નોંધેલ છે કે, ''જયારે કબ્જે થયેલ મુદામાલમાં દારુ ૨૦ લીટરથી વધુ છે તે પરીસ્થીતીમાં આ કામે કબ્જે લેવામાં આવેલ મુદામાલ વાહનને વચગાળાની કસ્ટડીથી બોન્ડ અથવા સ્યોરીટીથી છોડી શકાય તેમ નથી અને આ મેન્ડેટરી પ્રોવીઝન છે. જેથી આ કોર્ટ વચગાળાની કસ્ટડીથી આ તબકકે દારૂની હેરફેરના ઉપયોગમાં લેવાયેલ વાહન આપી શકે નહી.'' અને ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૯૮(૨) ને લક્ષમાં લઇ અરજી નામંજુર કરેલ છે.

**(૨)** આ તબકકે ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૯૮(૧) તથા (૨) ને ધ્યાને લેવા પાત્ર થાય છે જે નીચે મુજબ છે.

**કલમ ૯૮(૧)**:આ અધીનીયમ હેઠળ શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવામાં આવ્યો હોય, ત્યારે નીચેની વસ્તુઓ, કોર્ટના હુકમથી જપ્ત કરવામાં આવશે:

(ક) જેના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય તે કોઇ કેફી પદાર્થ, ભાંગ–ગાંજો, મહુડા, કાકવી, પદાર્થો, દારુ ગાળવાનુ યંત્ર, વહાણો, ઓજારો અથવા સાધન :

(ખ) ગેરકાયદેસર કબ્જો રાખવા અંગેના ગુના બાબતમાં જેના સંબંધમાં આ અધીનીયમ હેઠળ ગુનો કરવામાં આવ્યો હોય તે સીવાયના બીજ કોઇ કેફી પદાર્થ , ભાંગ–ગાંજો, મહુડા, કાકવી, ગુનેગારના કાયદેસર કબ્જામાં હોય તો તેવા કાફી પદાર્થ, ભાંગ–ગાંજો મહુડા અથવા કાકવીનો સમગ્ર જથ્થો:

(ગ) ગેરકાયદેસર આયત, નીકાર અથવા હેરફેર અંગેના ગુના બાબતમાં આ અધીનીયમની જોગવાઇઓ અથવા નિયમ, વિનિમય અથવા હુકમનુ ઉલ્લંઘન કરીને, અથવા લાઇસન્સ, પરમીટ, પાસ અથવા અધીકારપત્રની શરતો ભંગ કરીને, ગુનેગારે કોઇ કેફી પદાર્થ, ભાંગ–ગાંજા, મહુડા અથવા કાકવીની આયાત, નીકાસ અથવા હેરફેર કરવાની કોશીશ કરી હોય એવો કોઇ પદાર્થ, ભાંગ ગાંજા, મહુડા અથવા કાકવીનો સમગ્ર જથ્થો.

(ઘ) ગેરકાયદેસર વેચાણ અંગેના ગુનાની બાબતમાં જેના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય તે સીવાયના બીજા કોઇ કેફી પદાર્થ, ભાંગ ગાંજો, મહુડા અથવા કાકવી ગુનેગારના કાયદેસર કબ્જામાં હોય તો એવા બીજા તમામ કેફી પદાર્થ, ભાંગ ગાંજો, મહુડા અથવા કાકવી.

**તેમજ કલમ ૯૮(૨)** ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે, "પેટા કલમ (૧) હેઠળ જપ્ત થવાને પાત્ર કોઇ ચીજ જેમાં મળી આવે તો વાસણ, દાગીનો અથવા બારદાન અનુ આવા પાત્ર, દાગીના અથવા બારદાનમાંથી બીજી ચીજો અને એવી કોઇ ચીજ લઇ જવા માટે <u>વપરાયેલા પશુ, ગાડાં, વહાણો, અથવા બીજા વાહનો પણ</u> તે જ રીતે કોર્ટના હુકમથી જપ્ત થવાને પાત્ર થશે. (પણ જપ્ત થયેલો દારુનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહી.)

એટલે કે, આ કાયદાકીય જોગવાઈ મુજબ ગુજરાત નશાબંધી અધીનીયમ હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો કરવામાં આવે ત્યારે ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૯૮(૧) માં દર્શાવેલ વસ્તુઓ કોર્ટના હુકમથી જપ્ત કરવાને પાત્ર થાય છે. જેમાં મહદઅંશે પ્રતિબંધીત વસ્તુઓ તથા ઓજાર, વાહનો, લાઈસન્સ પરમીટ વીગેરે જપ્તીને પાત્ર થાય છે. પ્રસ્તુત કેસમાં ફરીયાદ ધ્યાને લેતા જણાય છે કે, પરપ્રાંતીય વિદેશી દારુનો જથ્થો કબ્જે કરેલ છે તે અજરેમી સાગર નામની બોટ જેના રજી.નં.IND–DD–02–MM–763 તથા એન્જીન નંબર EF–60–75322314 વાળી બોટ માંથી કબ્જે કરેલ છે. વધુમાં, ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૯૮ ની જોગવાઈઓ અનુસાર અરજદારને ઉપરોકત વાહનની વચગાળાની કસ્ટડી મળવા પાત્ર જણાતી નથી ત્યારે વિ.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી ઉનાનાએ કરેલ હુકમમાં હસ્તક્ષેપ કરવાનુ ન્યાયોચીત જણાતુ ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવામાં આવે છે.

**૨.** વિ.એડીશ્નલ ચીફ જયુડી. મેજી.શ્રી ઉના નાઓએ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૧૮૬૦૦૩૨૫૦૯૫૪/ ૨૦૨૫, ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૯૯ ના કામે અરજદારની મુદામાલ અરજીમાં તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી કન્ફર્મ રાખવામાં આવે છે.

**3.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૪. હુકમની નકલ વિ.ટ્રાયલ કોર્ટને મોકલવી.

હુકમ આજરોજ તારીખ–૧૩ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(અતુલકુમાર આર. પટેલ)
ઈ.ચા.એડીશ્નલ સેશન્સ જજ,
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૭૧૦.